# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-08-2026** **EVENING: 7.10 TO 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

*****************************************************

1) મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, 'વિકસિત ભારત માટે નશામુક્ત યુવા' અભિયાન દેશભરમાં વેગવંતું બન્યું

2) પ્રધાનમંત્રીએ કહ્યું ભારતમાં બનેલા ઉત્પાદનો પર ગર્વ લેવાથી જ આત્મનિર્ભર ભારત બનાવવાનો માર્ગ મોકળો થશે

3) દેશભરમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે NEET-PGની પરીક્ષા યોજાઈ

4) ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સને પગલે અમદાવાદની ગુજરાત જેલ અને સુધારાત્મક વહીવટ સંસ્થા ખાતે રમતગમત મેદાન બનાવાશે

5) ભાવનગર બનાવટી માદક દ્રવ્યના સેવનથી સર્જાયેલી દુર્ઘટનાના વધુ 6 આરોપી ઝડપાયા

6) ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે T20 એશિયા કપમાં પોતાની પ્રથમ મેચ થાઈલેન્ડ સામે રમશે

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 'વિકસિત ભારત માટે નશામુક્ત યુવા ' અભિયાન દેશભરમાં વેગવંતું બન્યું છે. આજે સવારે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા, શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી કે માદક પદાર્થ મુક્ત યુવાનો અને માદક પદાર્થ મુક્ત ભારત માટેના ધ્યેય સાથેનું અભિયાન ફક્ત ઔપચારિકતા નથી કારણ કે તેમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, આ ભારતના યુવાનોના સ્વાસ્થ્ય , ખુશી અને ઉજ્જવળ ભવિષ્ય માટેનો સામૂહિક સંકલ્પ છે. તેમણે સામગ્રી નિર્માતાઓને લોકજાગૃતિ માટે વિવિધ ભાષાઓમાં સામગ્રી બનાવવા વિનંતી કરી.

## (BYTE: PM-NASHA-MUKT-BHARAT)

***"नशा मुक्त भारत के लिए क्या आप कोई पावरफुल स्लोगन बना सकते हैं? क्या हमारे यंग म्यूजिशियंस ऐसे सोंग्स बना सकते हैं जिनमें ड्रग फ्री लाइफ का मैसेज हो? क्या स्टूडेंट्स और थिएटर ग्रुप्स दिल को छू लेने वाले शॉर्ट प्लेज़ लिख सकते हैं, जिनमें ड्रग्स के खतरों के साथ-साथ उनसे बाहर निकलने का रास्ता भी हो। हमारे देश में बेहतरीन कंटेंट क्रिएटर्स की कमी नहीं है। मेरा आग्रह है कि वे अलग-अलग भाषाओं में ऐसा कंटेंट बनाएं जिससे इस दिशा में समाज को मदद मिले।"***

પ્રધાનમંત્રીએ કહ્યું કે , 'પીએમ સ્વનિધિ યોજનાના લાભાર્થીઓમાં મહિલાઓનો હિસ્સો આશરે 46 ટકા છે.

## (BYTE: PM-ON-SVANIDHI-YOJNA)

***"PM स्वनिधि योजना की लाभार्थियों में करीब 46 प्रतिशत महिलाएं हैं, यानी देश भर में लगभग 35 लाख महिलाएं इस योजना से जुड़कर अपने कारोबार को आगे बढ़ा रही है। गाजियाबाद की बबीता शर्मा जी इसका बहुत अच्छा उदाहरण है। बबीता जी पूजा की सामग्री का एक छोटा सा स्टॉल लगाती थी। फूल, दिए, अगरबत्ती, नारियल जैसी चीजें बेचकर वो अपने परिवार की आजीविका में हाथ बंटाती थी। PM स्वनिधि से उन्हें आर्थिक मदद मिली और धीरे-धीरे सड़क किनारे का उनका छोटा सा स्टॉल एक दुकान में बदल गया।"***

# XPM - MANN KI BAAT-2

**શ્રી મોદીએ 'મિશન શક્તિસેટ'નો પણ ઉલ્લેખ કરતા કહ્યું કે, આ મિશન દ્વારા 108 દેશોની 12 હજાર વિદ્યાર્થિનીઓને નવીનતાના ક્ષેત્રમાં સેટેલાઇટ ટેકનોલોજી શીખવાની તક મળી રહી છે.**

**મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ લોકોને આ તહેવારોની મોસમ દરમિયાન 'વોકલ ફોર લોકલ' બનવા પણ વિનંતી કરી. શ્રી મોદીએ કહ્યું કે, ભારતમાં બનેલા ઉત્પાદનો પર ગર્વ લેવાથી જ આત્મનિર્ભર ભારત બનાવવાનો માર્ગ મોકળો થશે.**

# NEET-PG

દેશભરમાં આજે સ્નાતકોત્તર તબીબી અભ્યાસ માટની રાષ્ટ્રીય પાત્રતા અને પ્રવેશ પરીક્ષા NEET-PGની પરીક્ષા આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાઈ. 339 શહેરોમાં એક હજાર 111 કેન્દ્રો પર 2 લાખ 65 હજારથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી. પરીક્ષાના સંચાલનની દેખરેખ માટે સ્વતંત્ર મૂલ્યાંકનકારો તરીકે કુલ 2 હજાર 527 ફેકલ્ટી સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

દરમિયાન રાજસ્થાનના જયપુરના બે કેન્દ્રો પર તકનીકી વિક્ષેપથી પ્રભાવિત 2 હજાર 445 ઉમેદવારો માટે ફરીથી પરીક્ષા 5 સપ્ટેમ્બરના રોજ યોજાશે.

# JITU VAGHANI

કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ આજે ડાંગના બારીપાડા ગામે પ્રગતિશીલ ખેડૂત અનિલભાઈ રાઉતના ખેતરની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. આ તકે તેમણે ખેડૂતો દ્વારા તૈયાર કરવામાં આવેલ જીવામૃત, ઘનજીવામૃત અને બીજામૃતની બનાવટ તથા તેના જમીન પર થતા હકારાત્મક પ્રભાવો નિહાળ્યા હતા. ખેતરમાં અળસિયાની સક્રિયતા અને જમીનની ફળદ્રુપતા જોઈ ખુશી વ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે, રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોના અતિશય વપરાશથી મુક્તિ મેળવીને જમીનની કાયાકલ્પ કરવા માટે પ્રાકૃતિક ખેતી એ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

દરમિયાન શ્રી વાઘાણી એ પ્રાકૃતિક ખેતી અપનાવવાથી ખેતીના ઉત્પાદન ખર્ચમાં થતા ફાયદાઓ વિશે ચર્ચા કરતાં જણાવ્યું હતું કે, ગાય આધારિત ખેતીથી જમીનની જળ સંગ્રહ શક્તિ વધે છે, પર્યાવરણનું રક્ષણ થાય છે અને ગ્રાહકોને ઝેરમુક્ત પૌષ્ટિક ખોરાક મળી રહે છે.

# MODHVADIYA BALARAM

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આજે બનાસકાંઠા જિલ્લાના બાલારામ ઈકો ટૂરીઝમ સાઈટની મુલાકાત લીધી. તેમણે પ્રવાસી સુવિધાઓ અને વિકાસકાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરી પણ કરી.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે બાલારામ વિસ્તારની અખૂટ પ્રાકૃતિક સંપદા અને સંવેદનશીલ જૈવવિવિધતાને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચાડ્યા વગર પર્યાવરણ-મૈત્રીપૂર્ણ પ્રવાસનનો વિકાસ કરવો એ સરકારની પ્રાથમિકતા છે. તેમણે ‘બાલારામ મહા વનકવચ’ વિસ્તારની મુલાકાત લઈ વૃક્ષારોપણ કર્યું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GIPCA SPORTS GROUND

અમદાવાદ સ્થિત ગુજરાત જેલ અને સુધારાત્મક વહીવટ સંસ્થા- GIPCA ખાતે ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સને ધ્યાને રાખી રમતગમત મેદાન બનશે. ક્રાઇમ ડીજીપી ડો. કે. એલ. એન. રાવની અધ્યક્ષતામાં જેલ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ઝોન વાઇઝ કબડ્ડી તેમજ રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઇ હતી તે દરમિયાન ડો. રાવે જણાવ્યું હતું કે , પોલીસ આવાસ નિગમ દ્વારા પહેલા તબક્કા અંતર્ગત GIPCAનું નવીનીકરણ કરાઇ રહ્યું છે. આ નવનિર્મિત પરિસરમાં જેલ સહાયકથી લઈને નાયબ અધિક્ષક સુધીના અધિકારીઓ અને કર્મચારીઓ માટે સ્માર્ટ ક્લાસરૂમ, કોમ્પ્યુટર લેબ અને લાઈબ્રેરી સહિતની ઉચ્ચ કક્ષાની તાલીમ વ્યવસ્થાઓ ઉપલબ્ધ બનશે.

ડીજીપીએ હાલ 9 માસની પાયાની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓને તાલીમ પૂર્ણ કરી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા પ્રોત્સાહિત પણ કર્યા.

# JAMNAGAR VAN MAHOTSAV

શિક્ષણ રાજ્યમંત્રી  રિવાબા જાડેજાએ  જામનગરમાં સૈનિક સ્કૂલ બાલાચડીની મુલાકાત લીધી.  જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી          નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં તેમણે 'વંદે માતરમ્' નું મહત્વ અને 'સુશાસન' ની વિભાવના વિશે સમજણ આપી. તેમણે દરેક કેડેટને  'વન કવચ ' અભિયાન હેઠળ તેમના દ્વારા વાવવામાં આવેલા રોપાના જતન અને રક્ષણની વ્યક્તિગત જવાબદારી સ્વીકારવા અનુરોધ કર્યો.

## (BYTE: RIVABA JADEJA, MINISTER OF STATE)

***"आज जामनगर जिले के बालाचड़ी सैनिक स्कूल में 77 वे वन महोत्सव का कार्यक्रम का शुभारंभ करवाया गया जिसमें 3 हेक्टर में 40,000 से ज्यादा वृक्षारोपण एवं उनका जतन और साथी साथ स्कूल के यंग केडिट्स है उनको भी प्राकृतिक संवर्धन के साथ जोड़कर यह वन महोत्सव का जो कार्यक्रम है वह संपन्न किया गया। इस कार्यक्रम का मैन उद्देश्य आदरणीय प्रधानमंत्री श्री के विजन और प्राकृतिक संवर्धन एक पेड़ मां के नाम अंतर्गत वृक्षारोपण करना और यंग जनरेशन को प्राकृतिक संवर्धन के प्रति सविशेष जागृत करना रहता है।"***

# BHAVNAGAR TRAGEDY UPDATE

ભાવનગર બનાવટી માદક દ્રવ્યના સેવનથી સર્જાયેલી દુર્ઘટનાના વધુ 6 આરોપી ઝડપાયા છે. અદાલતે તમામ છ આરોપીઓના 7 સપ્ટેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે રિમાન્ડ દરમિયાન બનાવટી માદક દ્રવ્યના પૂરવઠા શૃંખલા, મધ્યપ્રદેશ સાથેના જોડાણ તેમજ સમગ્ર પ્રકરણમાં અન્ય સંડોવાયેલા શખ્સો અંગે સઘન પૂછપરછ હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ મામલે અત્યાર સુધી કુલ 37 આરોપીની ધરપકડ થઈ છે.

# WOMENS-ASIACUP T -20

ભારતીય મહિલા ટીમ આજે એશિયા કપ T20 ક્રિકેટ મેચમાં થાઇલેન્ડ સામે રમશે. દુબઈમાં આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા આઠ વાગ્યે શરૂ થશે.

ભારત કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. સ્મૃતિ મંધાના ઉપ-કેપ્ટન હશે. આ ટુર્નામેન્ટમાં આઠ ટીમો છે. ભારત ગ્રુપ A માં થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાન સાથે છે.

# FOOTBALL TOURNAMENT-2026

ગુજરાત સ્ટેટ ફૂટબોલ અસોશિએશન દ્વારા આયોજિત સબ-જૂનિયર બોયઝ ઇન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ -2026 ગાંધીનગર ખાતે રમાઈ રહી છે. જેમાં કચ્છ, બરોડા, ભાવનગર, અમદાવાદ, વલસાડ, રાજકોટ, સુરત અને ગાંધીનગર જીલ્લાની ટીમો ક્વાર્ટર ફાઇનલ મેચ માટે ક્વાલિફાય થઈ છે.

આજે લીગ રાઉન્ડની અંતિમ મેચો પૈકી રમાયેલ પ્રથમ મેચમાં વલસાડની ટીમે છોટાઉદેપુરની ટીમને 2-1 થી, બીજી મેચમાં જામનગરની ટીમે મોરબીની ટીમને 16-2 થી જ્યારે ત્રીજી મેચમાં સુરતની ટીમે આણંદની ટીમ ને 7-0 થી માત આપી હતી.

આવતીકાલે ક્વાર્ટર ફાઇનલ મેચમાં કચ્છની ટીમ બરોડાની ટીમ સાથે , ભાવનગરની ટીમ અમદાવાદની ટીમ સાથે , વલસાડની ટીમ રાજકોટની ટીમ સાથે , જ્યારે સુરતની ટીમ ગાંધીનગરની ટીમ સાથે મેચ રમશે.

મહત્વનું છે કે ફાઇનલ મેચ 2જી સપ્ટેમ્બરના રોજ રમાશે. હાલ આ ટુર્નામેન્ટમાંથી ગુજરાતની નેશનલ ટીમના કેમ્પ માટેના ખેલાડીઓનું સિલેક્શન કરવામાં આવી રહ્યું છે.

# ARAVALLI LIBRARY

અરવલ્લી જિલ્લાના નવનિર્મિત શામળાજી તાલુકામાં આજે રાજ્યકક્ષાના મંત્રી પી.સી.બરંડાના હસ્તે સરકારી તાલુકા પુસ્તકાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પુસ્તકાલય નવા તાલુકાના વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

આ પ્રસંગે શ્રી બરંડાએ જણાવ્યું હતું કે , શામળાજી તાલુકો તાજેતરમાં જ અલગ તાલુકા તરીકે અસ્તિત્વમાં આવ્યો છે, ત્યારે રાજ્ય સરકાર આ નવા તાલુકાના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. પુસ્તકાલય એ માત્ર પુસ્તકોનો સંગ્રહ નથી , પરંતુ જ્ઞાનનું કેન્દ્ર છે. આજે યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ગુણવત્તાયુક્ત સંસાધનોની જરૂર છે. ત્યારે આ પુસ્તકાલયમાં અધ્યયન માટે શાંત વાતાવરણ , આધુનિક પુસ્તકો, સામયિકો, અખબારો તથા ડિજિટલ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને ખાસ લાભ મળે તે માટે આ પુસ્તકાલય મહત્વની ભૂમિકા ભજવશે.

# WEATHER FC

રાજ્યમાં આગામી સાત દિવસ સામાન્ય વરસાદની આગાહી છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યા પ્રમાણે આવતીકાલે ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની શક્યતા છે. જેમાં બનાસકાંઠા , મહેસાણા, ગાંધીનગર , અમદાવાદ, સુરત, નવસારી, ડાંગ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ સહિતના જિલ્લામાં વરસાદી ઝાપટાં પડી શકે છે.

બીજી તરફ રાજ્યમાં સિઝનનો કુલ સરેરાશ 75 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી પડેલા વરસાદને પગલે રાજ્યના 26 જળાશય છલકાયાં છે જ્યારે 37 જળાશય હાઇએલર્ટ પર છે.

# PANCHMAHAL CYCLE RALLY

પંચમહાલના હાલોલ ખાતે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણીના ભાગરૂપે સાયકલ રેલીનું આયોજન કરાયું હતું . જનતા બેંકથી શરૂ થયેલી આ રેલી પાવાગઢ અને વડતળાવ થઈ હાલોલ તાલુકા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે પૂર્ણ થઈ હતી. રેલીમાં પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ , જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ , રમતવીરો અને નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.

“સાથે સવારી , હંમેશા તંદુરસ્તી ” અને “રમશે ભારત , જીતશે ભારત ”ના નારા સાથે યોજાયેલી આ રેલી દ્વારા નાગરિકોને તંદુરસ્તી અને રમતગમત પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.